નવા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમ આધારિત
દરેક વિભાગની સમજૂતી સાથેનું જવાબી સ્ટડી મટીરિઅલ...

ધોરણ 6

# અલંકાર
# સ્ટડી મટીરિઅલ

Best Reference Material

# સામાજિક વિજ્ઞાન




Alankar®
Publication

**પ્રસ્તાવના...**

પાઠ્યપુસ્તકના વિષયવસ્તુના કેન્દ્રસ્થાને બાળક છે. બાળકની સર્જનાત્મકતા, વૈચારિકતા, તર્કશક્તિ અને પૃથ્થકરણ કરવાની આવડતને યોગ્ય દિશાનિર્દેશ મળી રહે, પ્રવૃત્તિલક્ષી શિક્ષણપ્રક્રિયા મુજબ જે-તે એકમના અધ્યયન-અધ્યાપન દરમિયાન ચર્ચા અને ચિંતન થાય, સમગ્ર એકમનું સરળતાથી મૂલ્યાંકન થઈ શકે તે માટે મૂલ્યાંકનસામગ્રી હાથવગી રહે તો વિષયવસ્તુના તમામ પાસાંઓનું મૂલ્યાંકનકાર્ય સરળ રહે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને '**અલંકાર સ્ટડી મટીરિઅલ**' બનાવવામાં આવ્યું છે.

સ્ટડીમટીરિઅલ બનાવતી વખતે બાળકના મનમાં જિજ્ઞાસાવૃત્તિથી ઊઠતાં પ્રશ્નોના સમાધાન મળી શકે અથવા સમાધાન મેળવવા માટેનો માર્ગ મળી શકે તેવો પ્રયત્ન કર્યો છે.

વિદ્યાર્થી-વાલી અને શિક્ષકને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા સાંકળરૂપે જોડવાનું કાર્ય આ પુસ્તક દ્વારા કર્યું છે. તમામ એકમના બધા જ શૈક્ષણિક મુદ્દાઓ અહીં આવરી લેવામાં આવ્યા છે. એકમને સમજવામાં અને સ્વ-અધ્યયન કરવામાં તથા સ્વમૂલ્યાંકન કરવા માટે પણ આ પુસ્તક ઉપયોગી થશે. બાળકના વ્યક્તિત્વની બંધબારીને ઊઘાડ મળશે અને તેને ઊડવા માટે પાંખો પ્રાપ્ત થશે.

સ્ટડીમટીરિઅલ બનાવતી વખતે ખૂબ જ સાવચેતી રાખવામાં આવી છે. છતાં માનવસહજ સરતચૂક કે ટેકનિકલ ક્ષતિના કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી છે. આપના યોગ્ય સૂચનો તજજ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | અભ્યાસક્રમ | શિક્ષકની સહી | પેજ નં. |
|---|---|---|---|---|
| 1 | ચાલો, ઇતિહાસ જાણીએ | | | 3 |
| 2 | આદિમાનવથી સ્થાયીજીવનની સફર | | | 8 |
| 3 | પ્રાચીન નગરો અને ગ્રંથો | | | 14 |
| 4 | ભારતની પ્રારંભિક રાજ્યવ્યવસ્થા | | | 21 |
| 5 | શાંતિની શોધમાં : બુદ્ધ અને મહાવીર | | | 27 |
| 6 | મૌર્યયુગ : ચંદ્રગુપ્ત અને સમ્રાટ અશોક | | | 33 |
| 7 | ગુપ્તયુગ અને અન્ય શાસકો | | | 40 |
| 8 | ભારતવર્ષની ભવ્યતા | | | 48 |
| 9 | આપણું ઘર પૃથ્વી | | | 55 |
| 10 | પૃથ્વીનાં આવરણો | | | 65 |
| 11 | ભૂમિસ્વરૂપો | | | 69 |
| 12 | નકશો સમજીએ | | | 75 |
| 13 | ભારત: ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ અને વન્યજીવ | | | 81 |
| 14 | વિવિધતામાં એકતા | | | 87 |
| 15 | સરકાર | | | 93 |
| 16 | સ્થાનિક સરકાર | | | 98 |
| 17 | જીવનનિર્વાહ | | | 106 |
| * | નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 1 | | | 113 |
| * | નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 2 | | | 116 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

દરેક એકમની સમજૂતી અને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ માર્ગદર્શન

# અલંકાર સ્ટડી મટીરિઅલ

પ્રથમ સત્ર
દ્વિતીય સત્ર

## ધોરણ 2 થી 8 (બધા જ વિષયો)

**વર્ગખંડમાં જવાબો લખવા-લખાવવા, હવે સમય બગાડવાની જરૂર નથી.**

Best Reference Material

**સ્ટડી મટીરિઅલ અવશ્ય વસાવો.**





D-08




F-23




H-26




I-27




E-24




G-24




H-32




J-30

## વિશેષતાઓ



- P.T.C., D.EL.Ed. અને B.Ed. ની પદ્ધતિથી તૈયાર કરેલું મટીરિઅલ.
- દરેક વિષયના દરેક એકમમાં સરળ શરૂઆતથી લઈ વિસ્તૃત પ્રશ્નો-જવાબો એક જ પુસ્તકમાં.
- દરેક એકમના અભ્યાસ-સ્વાધ્યાયના તમામ પ્રશ્નોના જવાબ.
- વ્યાકરણ અને નિબંધોનો સમાવેશ.
- પ્રયોગપોથી અને નકશાપૂર્તિના જવાબો.
- પુનરાવર્તનલક્ષી કસોટીઓ અને આદર્શ પ્રશ્નપત્ર.
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ.

**કુરિયર દ્વારા બુક્સ ઓર્ડર કરવા માટે**
**સંપર્ક નં. : 9558047575 / 9726437575**

Alankar® Publication

હેમચંદ્રાચાર્ય લાઈબ્રેરી, અમદાવાદની એલ.ડી.ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડૉલોજી, નવરંગપુરા ભો. જે. અધ્યયન અને સંશોધન, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા (ગાંધીનગર)માં સચવાયેલાં છે.

**પ્રોજેક્ટ વર્ક :** ● **તમારા ઘરમાં કે શાળામાં જૂની ચીજવસ્તુઓના આધારે નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| ક્રમ | ઘર કે શાળાની વસ્તુનું નામ | આશરે કેટલાં વર્ષ જૂની છે ? | તેનો ઉપયોગ શો છે ? | ઘર કે શાળામાં કેવી રીતે આવી ? |
|---|---|---|---|---|
| 1 | તાંબાનું માટલું | 120 વર્ષ | પાણી ભરવા માટે | દાદીમાનાં મમ્મીએ આપેલું હતું. |
| 2 | રેંટિયો | 55 વર્ષ | સૂતર કાંતવા માટે | સરકાર તરફથી શાળામાં આપવામાં આવેલો. |
| 3 | ચાંદીનો સિક્કો | 70 વર્ષ | ચલણી નાણું, આભૂષણ માટે | દાદાજીને ઈનામમાં મળેલો. |

# એકમ 2. આદિમાનવથી સ્થાયીજીવનની સફર

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- આદિમાનવ - ભટકતું જીવન
- અગ્નિ અને ચક્રની શોધ
- સ્થાયી જીવન - ભોજન, રહેઠાણ, પોશાક
- આદિમાનવનાં વસવાટનાં સ્થળો
- બદલાતું પર્યાવરણ

## એકમની ટૂંક સમજ

- આદિમાનવ એટલે ખૂબ જ જૂના સમયના માનવો. જેઓ ભટકતું જીવન જીવતા અને શિકાર કરીને પોતાનો સમય વ્યતીત કરતા.
- આદિમાનવો ખોરાકની શોધમાં એક સ્થળેથી બીજા સ્થળે ભટકતા રહેતા.
- તેઓ પથ્થરો, હાડકાં અને લાકડાંમાંથી ઓજારો બનાવતા હતા.
- આદિમાનવો વરસાદ અને જંગલી પ્રાણીઓથી પોતાનું રક્ષણ કરવા પ્રાકૃતિક ગુફાઓમાં રહેતા. ભીમબેટકા (મધ્યપ્રદેશ) આદિમાનવો-ના વસવાટ માટેનું ઉત્તમ સ્થળ ગણવામાં આવે છે. આ ગુફાઓમાં આદિમાનવે દોરેલાં પક્ષીઓ, હરણ, લાકડાંના ભાલા, વૃક્ષો તથા માનવોના લગભગ 500 જેટલા પ્રાકૃતિક રંગો વડે ચિત્રો દોરેલાં છે.
- દક્ષિણ ભારતનાં કુર્નુલમાં મળી આવેલી આદિમાનવોની ગુફામાંથી રાખના અવશેષો મળી આવ્યા છે. અગ્નિના ઉપયોગે તેમનાં જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. અગ્નિની મદદથી તેમણે માંસને શેકીને ખાવાનું શરૂ કર્યું. જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા તેઓ અગ્નિનો ઉપયોગ કરતા.
- ઝાડનાં થડ અને જાડાં લાકડાંમાંથી આદિમાનવે ચક્ર (પૈડું) બનાવવાની શરૂઆત કરી હતી.

- આજથી લગભગ 12,000 વર્ષ પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવ્યું. ઘાસ ખાનારાં હરણ, ઘેટાં, બકરાં જેવાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધવા લાગી.
- વાતાવરણમાં આવેલા પરિવર્તનને કારણે આદિમાનવો ઘઉં, જવ અને અન્ય ધાન્ય પાકો તથા પશુપાલન કરવા લાગ્યા.
- અનાજનો સંગ્રહ કરવા તેમણે માટીનાં માટલાં-ઘડા વગેરે બનાવવાની શરૂઆત કરી.
- આદિમાનવો ખેતીનાં ઓજારો ખૂરપી, છીણી, દાતરડાં વગેરે પથ્થરમાંથી બનાવવા લાગ્યા.
- પુરાતત્ત્વશાસ્ત્રીઓએ શોધેલાં સ્થળોમાં બુર્જ-હોમ, ગુફ્‌ક્રાલ, હુરંગી, મેહરગઢ, લાંઘણજ, ભીમબેટકા, ઈનામગાંવ વગેરે મુખ્ય હતા.
- મેહરગઢ અને ઈનામગાંવ જેવાં સ્થળાએથી પથ્થરનાં તીક્ષ્ણ ઓજારો મળી આવ્યાં છે જે તેઓ કૃષિકાર્યમાં વાપરતાં હશે.
- પ્રાચીન સમયમાં મેહરગઢ ભારતનું સૌથી પ્રાચીન ગામ ગણી શકાય. અહીં જવ અને ઘઉંની ખેતીની શરૂઆત થઈ હતી. તેઓ ઘેટાં-બકરાં પાળતાં અન્નનો તેઓ સંગ્રહ કરતા. અહીંથી પ્રાણીઓનાં હાડકાં મળી આવ્યાં છે. તેઓ ચોરસ કે લંબચોરસ ઘરોમાં રહેતા.
- મેહરગઢમાં મળી આવેલા પુરાવા મુજબ તેઓ મૃત્યુ પામનારને માન-સન્માનથી દફનાવતાં હતા. એક જગ્યાએ મનુષ્યની સાથે બકરીને પણ દફનાવવામાં આવી હોવાના પુરાવા મળ્યા છે.
- મહારાષ્ટ્રમાં આવેલ ઈનામગાંવમાંથી બાળકોના મૃતદેહોના અવશેષો મળી આવ્યા છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) આજના આપણાં જીવનમાં આપણને અગ્નિ વિના ચાલે છે ?**

**ઉત્તર :** ના, આજના આપણાં જીવનમાં આપણને અગ્નિ વિના એક પળ પણ ચાલતું નથી. આપણે અગ્નિનો ઉપયોગ રસોઈ બનાવવા, તાપવિદ્યુત મથકમાં વીજળી ઉત્પન્ન કરવામાં, વીજળીથી ચાલતાં યંત્રો બનાવવા તથા પ્રકાશ મેળવવા કરીએ છીએ.

## સ્વાધ્યાય

**(1) સ્થાયી જીવન માટેની જરૂરિયાત શા માટે ઊભી થઈ ?**

**ઉત્તર :** આપણે જાણીએ છીએ કે પાકને ઊગતા અને તૈયાર થતાં ઘણો સમય લાગે છે. ખેતી માટે પાણીની જરૂર પડે છે. પાક તૈયાર થતાં અનાજના છોડને કાપીને તેમાંથી અનાજ કાઢવું પડે છે. આદિમાનવને ધીરે - ધીરે આ પ્રક્રિયા સમજમાં આવી. આમ તેમના ભટકતાં જીવનનો અંત આવ્યો અને સ્થાયી જીવનની શરૂઆત થઈ.

**(2) અગ્નિના ઉપયોગથી આદિમાનવનાં જીવનમાં કેવું પરિવર્તન આવ્યું ? (અથવા)**

**(2) અગ્નિનાં ઉપયોગથી આદિમાનવનાં જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું, કારણ કે...**

**ઉત્તર :** આદિમાનવે અગ્નિના ઉપયોગથી માંસને શેકીને ખાવાનું શરૂ કર્યું. આદિમાનવ અગ્નિનો ઉપયોગ પ્રકાશ મેળવવા તેમજ જંગલી પ્રાણીઓથી પોતાનું રક્ષણ મેળવવા કરવા લાગ્યો.

**(3) આદિમાનવો કેવા-કેવા પાક ઉગાડતા હતા ?**

**ઉત્તર :** આદિમાનવો ઘઉં, જવ, ચોખા વગેરે પાકો ઉગાડતા હતા.

**(4) આદિમાનવો કયાં-કયાં પશુઓ પાળતાં હતા ?**

**ઉત્તર :** આદિમાનવો કૂતરાં, ઘેટાં, બકરાં, ભેંસ, બળદ જેવાં પશુઓ પાળતાં હતા.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) આદિમાનવ કેવું જીવન જીવતા હતા ?**

(A) સ્થાયી **(B) ભટકતું**

(C) નગર વસાહતનું

(D) ગ્રામીણ વસાહતનું

**(2) શિકારી અને ભટકતું જીવન જીવતાં માનવોના આ સમયને શું કહે છે ?**

(A) નૂતનયુગ (B) અર્વાચીન યુગ

**(C) પાષાણયુગ** (D) શસ્ત્રયુગ

**(3) ભીમબેટકાની ગુફાઓ હાલ કયાં રાજ્યમાં આવેલી છે ?**

(A) રાજસ્થાન (B) ગુજરાત

(C) આંધ્રપ્રદેશ **(D) મધ્યપ્રદેશ**

**(4) કઈ પ્રાચીન ગુફામાંથી રાખના અવશેષો મળી આવ્યા છે ?**

**(A) કુર્નુલ** (B) હલ્લુર

(C) ભીમબેટકા (D) કોલ્ડિહવા

**(5) વિશ્વભરનાં વાતાવરણમાં વ્યાપક પરિવર્તન ક્યારે આવ્યું ?**

**(A) 12,000 વર્ષ પહેલાં**

(B) 11,000 વર્ષ પહેલાં

(C) 10,000 વર્ષ પહેલાં

(D) 12,500 વર્ષ પહેલાં

**(6) આદિમાનવો શિકાર કરવા માટે કયાં સાધનોનો ઉપયોગ કરતા ન હતા ?**

(A) પથ્થરનાં હથિયારો

(B) લાકડાંનાં હથિયારો

(C) હાડકાંનાં હથિયારો

**(D) બંદૂક**

**(7) સ્થાયી જીવનથી આદિમાનવે કેવી પ્રવૃત્તિઓ શરૂ કરી નહોતી ?**

**(A) ઉદ્યોગ** (B) કૃષિ

(C) પશુપાલન (D) અનાજસંગ્રહ

**(8) કયાં પુરાતન સ્થળે સંભવતઃ સૌથી પહેલાં ઘઉં, જવ ઉગાડવાનું શરૂ થયાનું મનાય છે ?**

(A) મહાગઢ **(B) હલ્લુર**

(C) મેહરગઢ (D) ચિરાદ

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) **આદિમાનવ** ભટકતું જીવન જીવતા અને શિકાર કરીને પોતાનો સમય વ્યતીત કરતા.

(2) આદિમાનવ વાતાવરણ અને જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા **ગુફા**માં રહેતા હતા.

(3) **અગ્નિ**ના ઉપયોગથી આદિમાનવના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું.

(4) આદિમાનવે સૌપ્રથમ **કૂતરા**ને પાલતુ પ્રાણી બનાવ્યું હતું.

(5) **મેહરગઢ**ને ભારતનું સૌથી પ્રાચીન ગામ ગણી શકાય.

(6) **મેહરગઢ**નાં ઘરોમાં અનાજસંગ્રહ કરવાનાં નાના-મોટા કોઠાર મળી આવ્યા છે.

(7) ઝાડનાં થડ અને જાડાં લાકડાંમાંથી આદિમાનવ **ચક્ર (પૈડું)** બનાવતાં શીખ્યાં.

**3. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(1) આદિમાનવોએ કેટલાંક ઓજારો હાડકાંઓમાંથી પણ બનાવ્યાં. – ☑

(2) સ્થાયી જીવન શરૂ થતાં આદિમાનવે હિંસક પ્રાણીઓ પાળવાનું શરૂ કર્યું. – ☒

(3) પાષાણયુગમાં પથ્થરનાં હથિયારોનો ઉપયોગ થતો હતો. – ☑


(4) ભીમબેટકામાં આદિમાનવે સિંહ અને વાઘનાં ચિત્રો દોરેલાં છે. – ☒

(5) ભીમબેટકાની ગુફાઓમાં પ્રાકૃતિક રંગથી ચિત્રો દોરેલાં છે. – ☑

## નકશાવાચન અને નકશાપૂર્તિના મહાવરા દ્વારા ભૌગોલિક સમજ વિકસાવતાં પુસ્તકો

# અલંકાર નકશાપૂર્તિ

**ધોરણ 6 થી 10 માટે**






## વિશેષતાઓ



નકશાના ખ્યાલોની જરૂરિયાત હોય તેવાં, **પાઠ્યપુસ્તકના તમામ વિષયાંગો**ને આવરી લઈ તૈયાર કરેલાં અદ્યતન પુસ્તકો.



દરેક **એકમની સમજ** અને નકશાવાંચનનો સમાવેશ.



હેતુલક્ષી પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને ટૂંકમાં **પ્રશ્નોત્તર**.



અભ્યાસક્રમને અનુરૂપ **માહિતીસભર નકશાઓનું આકર્ષક પ્રિન્ટિંગ**.



વિદ્યાર્થીઓને પ્રેરકબળ પૂરું પાડતી **ગુણ ગ્રેડિંગ પદ્ધતિ**.



ઉત્તમ કાગળ ક્વૉલિટી સાથેનાં નયનગમ્ય પુસ્તકો.